ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૦૭.૦૪.૨૦૧૯

-----------

ચૂંટણીનો મુખ્ય એક જ મુદો છે. દેશ કોના હાથમાં સલામત ? દેશની રક્ષા કરવા માટે કોણ સક્ષમ ?
૫૬ની છાતીવાળો પ્રધાનમંત્રી જોઈએ છે કે ડરપોક, વોટબેંકની રાજનીતિ કરનાર પ્રધાનમંત્રી જોઈએ છે ?
આ ચૂંટણી ચોકીદાર વિરૂધ્ધ ચોરોની ચૂંટણી છે – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

જે રીતે શરીરની તંદુરસ્તી માટે ભેળસેળ હંમેશા નૂકશાનકર્તા હોય છે તેમ મહાગઠબંધનના નામે ઉભી થયેલ મહામિલાવટ ગેંગ પણ આ દેશની તંદુરસ્તી માટે નૂકશાનકર્તા છે – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

“ચોર મચાયે શોર” વાક્યને યથાર્થ કરી આજે આ ચોરો ચોકીદાર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીને ચોર કહેવા નિકળ્યાં છે

-----------

દેશની સત્તા પર એક જ પરિવારનો અધિકાર છે, તેવી સંકુચિત માનસિકતાથી કોંગ્રેસ પીડાઇ રહી છે. પહેલાં જવાહરલાલ નહેરૂ, ત્યારબાદ ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, સોનીયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી. કોંગ્રેસમાં પરિવારવાદ સિવાય બીજું કાંઇ નથી – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

કોંગ્રેસ તેમના જમાઈની ચિંતા કરવામાં વ્યસ્ત છે –શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

દેશની સત્તા પર એક જ પરિવારનો અધિકાર છે, તેવી સંકુચિત માનસિકતાથી કોંગ્રેસ પીડાઇ રહી છે – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

ભાજપા કોઇ એક પરિવાર કે નેતાઓની નહીં કાર્યકર્તાઓની પાર્ટી છે,
ભાજપા “સૌનો સાથ, સૌનો વિકાસ”ના મંત્ર સાથે ચાલનારી પાર્ટી છે.
અને એના કારણે જે આજે વિશ્વની સૌથી મોટી પાર્ટી બની છે – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે જમ્મુ કાશ્મીરમાં જે.કે.એલ.એફ. સંગઠન પર પ્રતિબંધ મૂક્યો છે.
દરરોજ સર્ચ ઓપરેશન હાથ ધરી આતંકવાદીઓનો સફાયો ચાલુ છે.
પાકિસ્તાન સામે આર્થિક નાકાબંધી કરી છે – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

અમારા પ્રધાનમંત્રી દેખતે હે..... સોચતે હે....... જેવી વાતો નથી કરતાં પરંતુ જે કહે છે તે કરીને બતાવે છે
– શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પાટણ લોકસભા બેઠકના રાધનપુર ખાતે વિશાળ જનસભા સંબોધતા જણાવ્યું હતું કે, ચૂંટણીના પડઘમ વાગી ચૂક્યાં છે. ચૂંટણીનો મુખ્ય એક જ મુદો છે. દેશ કોના હાથમાં સલામત ? દેશની રક્ષા કરવા માટે કોણ સક્ષમ ? ૫૬ની છાતીવાળો પ્રધાનમંત્રી જોઈએ છે કે ડરપોક, વોટબેંકની રાજનીતિ કરનાર પ્રધાનમંત્રી જોઈએ છે ? આ ચૂંટણી ચોકીદાર વિરૂધ્ધ ચોરોની ચૂંટણી છે. મેં ભી ચોકીદાર હું ના નાદ સાથે દેશભરના લોકો દેશના ચોકીદાર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




મોદીની સાથે ઉભા છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પણ કહ્યું છે કે, તેઓ પ્રધાનમંત્રી નહીં, પ્રધાનસેવક છે, ચોકીદાર છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી દેશની તિજોરી પર ભ્રષ્ટાચારનો પંજો નહીં પડવા દે.

શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, જે રીતે શરીરની તંદુરસ્તી માટે ભેળસેળ હંમેશા નૂકશાનકર્તા હોય છે તેમ મહાગઠબંધનના નામે ઉભી થયેલ મહામિલાવટ ગેંગ પણ આ દેશની તંદુરસ્તી માટે નૂકશાનકર્તા છે. તેઓ કહે છે કે, મોદી હટાવો, અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી કહે છે કે, ભ્રષ્ટાચાર હટાવો. તેઓ કહે છે કે, મોદી હટાવો, અને શ્રી મોદીજી કહે છે કે, ગરીબી હટાવો, દેશની જનતાએ નક્કી કરવાનું છે કે, કોને હટાવવા છે. આ મહામિલાવટી નેતાઓએ તેઓ જ્યારે સત્તામાં હતાં ત્યારે ખૂબ ભ્રષ્ટાચાર કર્યો. પરિવારો - સગાસંબંધીઓને માલામાલ કર્યા સિવાય બીજું કંઇજ કર્યું નથી. ગરીબ, પીડીત, શોષીત, વંચિતોની કંઇજ ચિંતા કરી નથી. "ચોર મચાયે શોર" વાક્યને યથાર્થ કરી આજે આ ચોરો ચોકીદાર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીને ચોર કહેવા નિકળ્યાં છે. પરંતુ દેશના ચોકીદાર ચોર નહીં પણ એકદમ પ્યોર છે, અને આ દેશની ઈમાનદારીથી સેવા કરી રહ્યાં છે. તેમનું એક જ સુત્ર છે, "ખાતો નથી કે ખાવા દેતો નથી." કોંગ્રેસ તેમના જમાઇની ચિંતા કરવામાં વ્યસ્ત છે. હેલીકોપ્ટર કૌભાંડમાં આર. જી., એ. પી., જેવા નામ સામે આવી રહ્યાં છે. દલાલી અને બેઈમાની જાણે કોંગ્રેસનો પર્યાય બની ગયાં છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યં હતુ કે, આ ચૂંટણી ઈમાનદાર વિરૂધ્ધ બેઈમાનની ચૂંટણી છે. ૧૦ વર્ષ સુધી ડો. મનમોહનસિંહની સરકાર સોનીયા ગાંધીના રિમોટ કંટ્રોલથી ચાલતી હતી. આ સમયમાં દેશે કૌભાંડો ઉપર કૌભાંડો જોયા છે. કોલસા કૌભાંડ, ૨જી સ્પેક્ટ્રમ કૌભાંડ, કોમન વેલ્થ ગેમ ગોટાળો, હેલીકોપ્ટર કૌભાંડ એમ ચારે બાજુ ભ્રષ્ટાચાર જ ભ્રષ્ટાચાર હતો. કોંગ્રેસના ડઝનબંધ નેતાઓ જેલની હવા ખાઇ ચૂક્યાં છે, અને આજે જામીન ઉપર બહાર છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી દિલ્હી ગયાં ત્યારથી દલાલોની દુકાનો બંધ કરી મૂકી છે, તેથી વચેટીયાઓને પેટમાં દુખે છે. શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં જેમ ઈમાનદારીથી શાસન કર્યું, એ જ રીતે આજે પ્રધાનસેવકના રૂપમાં દેશ માટે કામ કરી રહ્યાં છે.

એક તરફ રાષ્ટ્રવાદી વિચારધારા સાથે ત્રાસવાદ વિરૂધ્ધની લડાઈની કટીબધ્ધતા તેમજ ભારતમાતાને શક્તિશાળી બનાવવાના સંકલ્પ સાથે આગળ વધી રહેલી ભાજપા છે, જ્યારે બીજી તરફ પરિવારવાદ, આતંકીઓને છાવરનાર, વોટબેંકની રાજનીતિ કરનાર કોંગ્રેસ છે. ભાજપાનો વિચાર સ્પષ્ટ છે, "તેરા વૈભવ અમર રહે માં, હમ દિન ચાર રહે ના રહે" જીવીશુ તો દેશ માટે, મરીશુ તો દેશ માટે. ભાજપાનો દરેક કાર્યકર દેશ માટે ખપી જવાની ભાવના ધરાવે છે. દેશની સત્તા પર એક જ પરિવારનો અધિકાર છે, તેવી સંકુચિત માનસિકતાથી કોંગ્રેસ પીડાઇ રહી છે. પહેલાં જવાહરલાલ નહેરૂ, ત્યારબાદ ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી, સોનીયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી. કોંગ્રેસમાં પરિવારવાદ સિવાય બીજું કાંઇ નથી.

શ્રી રૂપાણીએ રાહુલ ગાંધી પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, કોંગ્રેસને લાલકૃષ્ણ અડવાણીજીની ચિંતા કરવાની કોઇ જરૂર નથી. શ્રી અડવાણીજી અમારા માટે પિતાતુલ્ય છે, તેમનું સન્માન કેવી રીતે જાળવવું તે ભાજપા સારી રીતે જાણે છે. કોંગ્રેસ પોતાની ચિંતા કરે. ભૂતકાળમાં શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ, આંબેડકરજી, રામમનોહર લોહીયાજી, જયપ્રકાશ નારાયણજી જેવા કદાવર નેતાઓને હાંસીયામાં ધકેલવાનું કામ કોંગ્રેસે કર્યું છે. એક માત્ર ભાજપામાં જ શક્ય છે કે, એક ગરીબ ચા વાળો પણ દેશનો પ્રધાનમંત્રી બની શકે છે. ભાજપા કોઇ એક પરિવાર કે નેતાઓની નહીં કાર્યકર્તાઓની પાર્ટી છે, ભાજપા "સૌનો સાથ, સૌનો વિકાસ"ના મંત્ર સાથે ચાલનારી પાર્ટી છે. અને એના કારણે જે આજે વિશ્વની સૌથી મોટી પાર્ટી બની છે.

કોંગ્રેસને દેશની સુરક્ષા, એકતા, અખંડીતતા અને સાર્વભૌમત્વની ચિંતા નથી, તેમને ખાલી મતોની જ ચિંતા છે. જેમ માછલી પાણી વગર તરફડે તેમ કોંગ્રેસ સત્તા માટે તરફડીયા મારી રહી છે. કેરળમાં મદની નામના આતંકીના પોસ્ટર છપાવીને

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



મુસ્લિમ લીગની સાથે કોંગ્રેસ મત માંગવા નીકળી છે. ત્રાસવાદીઓને છાવરતી કોંગ્રેસ ઉઘાડી પડી ગઇ છે. ડો. મનમોહનસિંહ ૧૦ વર્ષ સુધી પ્રધાનમંત્રી રહ્યાં તે સમયે દેશમાં મુંબઇ, અમદાવાદ, વારાણસી, અયોધ્યા, દિલ્હી, હૈદરાબાદ જેવા શહેરોમાં બોંબ ધડાકા, અને આતંકી હુમલાઓ થયાં. મોટી સંખ્યામાં નિર્દોષ નાગરીકોએ પોતાના જીવ ગુમાવવા પડ્યાં. આટલા હુમલાઓ થવા છતાં આતંકવાદીઓને એક પણ હુમલાનો જવાબ અપાયો ખરો ? દેખતે હે.... સોચતે હે.... જેવા ભાષણ કર્યા સિવાય આતંકવાદને નાથવા કોઇ પગલાં લેવાયા નથી, જ્યારે બીજી તરફ શ્રી નરેન્દ્રભાઇ મોદીના નિર્ણાયક નેતૃત્વ હેઠળ ઉરી અને પુલવામા માં સેના ઉપર થયેલા આતંકી હુમલાનો સર્જીકલ સ્ટ્રાઇક અને એર સ્ટ્રાઇક દ્વારા જબડાતોડ જવાબ આપવામાં આવ્યો છે કે, હવે આતંકવાદીઓ ભારત સામે આંખ ઉંચી કરી જોઇ ના શકે.

શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, કોંગ્રેસની સરકારે જ્યારે તેમના મંત્રી સૈફુદીનની પુત્રીને આતંકીઓ ઉઠાવી ગયાં હતાં હતાં ત્યારે ૯ આતંકીઓને છોડ્યાં હતાં. કોંગ્રેસના સીનીયર નેતા ગુલામનબી આઝાદના સાળાને જ્યારે આતંકીઓ ઉઠાવી ગયાં હતાં ત્યારે કોંગ્રેસે ૨૧ આતંકીઓને મૂક્ત કર્યા હતાં. કોંગ્રેસે કાશ્મીરને આતંકવાદીઓના હવાલે કર્યું છે, અને શરમની વાત તો એ છે કે, કોંગ્રેસ કહે છે કે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં જો અમે સત્તામાં આવીશું તો કાશ્મીરમાંથી ૩૭૦ની કલમ દૂર નહીં કરીએ, દેશદ્રોહની કલમ દૂર કરી દઇશું. જો શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ દેશના પ્રથમ પ્રધાનમંત્રી બન્યાં હોત તો ૩૭૦ની કલમનું અસ્તિત્વ જ ન હોત, કાશ્મીરની સમસ્યા જ ન સર્જાઇ હોત. "જહાં હુયે બલિદાન મુખરજી, વો કાશ્મીર હમારા હૈ". ભાજપાનો મત સ્પષ્ટ છે કે, કાશ્મીર ભારતનું અવિભાજ્ય અંગ છે.

શ્રી રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ છે કે, પાકિસ્તાન જ્યાં સુધી આતંકવાદીઓને આશરો આપવાનું કામ બંધ નહીં કરે, ત્યાં સુધી તેની સાથે કોઇ વાટાઘાટો કરવામાં આવશે નહીં, ઇંટનો જવાબ પથ્થરથી મળશે. શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારે જમ્મુ કાશ્મીરમાં જે.કે.એલ.એફ. સંગઠન પર પ્રતિબંધ મૂક્યો છે. દરરોજ સર્ચ ઓપરેશન હાથ ધરી આતંકવાદીઓનો સફાયો ચાલુ છે. પાકિસ્તાન સામે આર્થિક નાકાબંધી કરી છે. પાકિસ્તાનમાં ઘુસીને આતંકીઓનો સફાયો કર્યો છે, અમારા પ્રધાનમંત્રી દેખતે હે..... સોચતે હે....... જેવી વાતો નથી કરતાં પરંતુ જે કહે છે તે કરીને બતાવે છે.

પાટણ જિલ્લાની વાત કરતાં શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, પાટણ સરહદી જિલ્લો છે, પાકિસ્તાનથી નજીક છે, ત્યારે જો દેશમાં નિર્બળ સરકાર, નિર્બળ પ્રધાનમંત્રી બને તો સરહદો સલામત નહીં રહે. ઘર સલામત નહીં રહે. શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ વાળી સરકાર સરહદોની સુરક્ષા માટે કટીબધ્ધ છે. પાટણ, બનાસકાંઠાની ધરતીને લીલીછમ બનાવવા માટે નર્મદાના નીર ભાજપાએ પહોંચાડ્યાં છે. આ ધરતી ૫૫ વર્ષ સુધી પાણી વગર તરસી છે.

ગૌશાળા, પાંજરાપોળોની ચિંતા ભાજપા કરે છે, ફક્ત મનુષ્ય જ નહીં, પ્રત્યેક જીવની ચિંતા ભાજપાએ કરી છે, જેમ ૧૦૮ ઇમરજન્સી હેલ્પલાઇન મનુષ્ય માટે છે, તેમજ ૧૯૬૨ હેલ્પલાઇન પશુઓ માટે છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૨ તા. ૦૭.૦૪.૨૦૧૯

-----------

**સીમા પર તેનાત સૈનિકો દેશની ચોકી કરી રહ્યા છે, દિલ્હીમાં બેઠેલા પ્રધાનસેવક શ્રી નરેન્દ્રભાઇ મોદી કોંગ્રેસના ક્રુર પંજાથી સરકારી સંપત્તિનું રક્ષણ કરી રહ્યા છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**વ્યક્તિથી વિશેષ પાર્ટી અને પાર્ટીથી વિશેષ દેશ છે, તે ભાજપાની નીતિ રહી છે. દેશ માટે જીવીશું અને દેશ માટે મરીશું. ભારત માતા અમારા માટે સર્વોપરી છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**ભાજપાના વડીલોના પુણ્ય પ્રતાપે આજે દેશમાં કમળ સોળે કળાએ ખીલ્યુ છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**આ ચૂંટણીમાં આપણે સર્વ ધર્મ સમભાવ અને “સૌનો સાથ સૌનો વિકાસ” એ સુત્ર સાથે દેશને આગળ લઇ જવાનો છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**ભારતે સમગ્ર દુનિયા સમક્ષ પાકિસ્તાનને ખુલ્લુ પાડ્યું છે. કાશ્મીરમાં અલગાવવાદીઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરી છે તેથી પાકિસ્તાનને મોદી આંખમાં કણાની માફક ખુંચે છે - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

**કોંગ્રેસે નર્મદા ડેમમાં અડચણો ઉભી કરીને ડેમના દરવાજા માટેની મંજુરી ૭ - ૭ વર્ષો સુધી આપી ન હતી પરંતુ જેવા શ્રી નરેન્દ્રભાઇ કેન્દ્રમાં વડાપ્રધાન બન્યા બાદ માત્ર ૧૭ જ દિવસમાં દરવાજાને મંજુરી આપી - શ્રી વિજયભાઇ રૂપાણી**

-----------

આજરોજ પાટણના હારીજ ખાતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ રાજ્ય સરકારના મંત્રીશ્રીઓ, પ્રદેશ અગ્રણીશ્રીઓ, જીલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ, જીલ્લા પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, વિવિધ સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં પાટણ લોકસભાના ભાજપાના ઉમેદવાર શ્રી ભરતસિંહ ડાભીના સમર્થનમાં યોજાયેલ જનસભામાં હજારોની સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તાઓ અને સમર્થકોને સંબોધન કર્યુ હતુ.

શ્રી રૂપાણીએ જણાવ્યુ હતુ કે, ચૂંટણીના બૂંગીયા ફૂંકાઇ રહ્યા છે, ત્યારે આ વખતની ચૂંટણી ચોકીદારો અને ચોરો વચ્ચેની છે. એક તરફ સીમા પર તેનાત સૈનિકો દેશની ચોકી કરી રહ્યા છે, દિલ્હીમાં બેઠેલા પ્રધાનસેવક શ્રી નરેન્દ્રભાઇ મોદી કોંગ્રેસના કારમા પંજાથી સરકારી સંપત્તિનું રક્ષણ કરી રહ્યા છે. જ્યારે બીજી તરફ ચોર લોકોની જમાત ઉભી છે, ચોર-ચોર માસિયાઇ ભાઇની જેમ મહામિલાવટવાળું ગઠબંધન મોદી હટાવોના નારા લગાવી રહ્યું છે. કારણ કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના શાસનમાં તેમના શટર પડી ગયા છે. આ વખતે ઈમાનદાર અને બેઇમાનો વચ્ચેની લડાઇ છે. વ્યક્તિથી વિશેષ પાર્ટી અને પાર્ટીથી વિશેષ દેશ છે, તે ભાજપાની નીતિ રહી છે. દેશ માટે જીવીશું અને દેશ માટે મરીશું. ભારત માતા અમારા માટે સર્વોપરી છે.

એક તરફ મજબૂર સરકાર છે તો બીજી તરફ મજબૂત સરકાર છે, આપણે નક્કી કરવાનું છે કે આમાંથી કોની પસંદગી કરવી. મજબૂરીવાળી સરકાર દેશને અસ્થિર બનાવશે. કોંગ્રેસના રાહુલ ગાંધી સહિત લાલુપ્રસાદ, મુલાયમસિંહ, મમતા બેનર્જી અને માયાવતી આ સૌને વડાપ્રધાન બનવું છે, જ્યારે આપણી પાસે તો મજબૂત અને નિડર એવા વડાપ્રધાન મોજુદ જ છે. આ ચૂંટણીમાં આપણે સર્વ ધર્મ સમભાવ અને “સૌનો સાથ સૌનો વિકાસ” એ સુત્ર સાથે દેશને આગળ લઇ જવાનો છે. બીજી તરફ વોટબેંક માટે કોંગ્રેસ તૃષ્ટિકરણની રાજનીતિ કરી રહી છે, લઘુમતીઓના વોટ મેળવવા માટે કોંગ્રેસ વલખાં મારી રહી છે. કોંગ્રેસ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



જાતિવાદ, જ્ઞાતિવાદ, ધર્મવાદ, પ્રાંતવાદ, ભાષાવાદની રાજનીતિ કરીને દરેક સમાજો વચ્ચે વૈમનસ્ય ફેલાવી રાજકીય રોટલા શેકવા મથી રહી છે.

આ વખતની ચૂંટણીમાં એક તરફ બાંગ્લાદેશ, મ્યાનમાર, પાકિસ્તાન, શ્રીલંકાના ઘુસણખોરો માટે લાલ જાજમ બિછાવનારા છે તો બીજી તરફ આવા ઘુસણખોરોને વીણી વીણીને પાછા ધકેલનારા આપણા પ્રધાનમંત્રી છે. એક તરફ આતંકવાદીઓનો જુસ્સો વધારનારા છે તો બીજી તરફ આતંકવાદીઓનો સફાયો કરનારા છે, જેએનયુમાં આતંકી અફઝલગુરુની વરસી વખતે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી ત્યાં હાજર રહી ટુકડે ટુકડે ગેંગને સમર્થન આપ્યુ. રાહુલ ગાંધીના ગુરુ સામ પ્રિત્રોડાએ કહ્યુ કે, અઝમલ કસાબ જેવા બે-ચાર આતંકવાદીઓ માટે આખા પાકિસ્તાનને બદનામ કરવું યોગ્ય નથી. તેવી પાકિસ્તાન તરફી ભાષા બોલી શું કહેવા માંગે છે ? આખી દુનિયા જાણે છે કે, પાકિસ્તાનની નાપાક ધરતી પર આતંકવાદી કેમ્પો ચાલે છે, પાકિસ્તાન આતંકવાદની જ ફેક્ટરી છે તે આખી દુનિયા જાણી ચૂકી છે.

કોંગ્રેસે પોતાના ચૂંટણી ઢંઢેરામાં જણાવ્યુ કે, જો અમે સત્તામાં આવીશું તો ૩૭૦ની કલમ યથાવત રાખીશું, તો શું કોંગ્રેસ કાશ્મીરનો પ્રશ્ન સતત સળગતો જ રાખવા માંગે છે ? કલમ ૧૨૪એ મુજબ રાજદ્રોહના કેસો પાછા ખેંચીશુ અને સેનાના અધિકારીઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવા કાયદો બદલીશું . શું માત્ર લઘુમતીના મતો મેળવવા માટે કોંગ્રેસ દેશની સુરક્ષાને ગીરવે મુકવા માંગે છે ? ભારતે સમગ્ર દુનિયા સમક્ષ પાકિસ્તાનને ખુલ્લુ પાડ્યું છે. કાશ્મીરમાં અલગાવવાદીઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરી છે તેથી પાકિસ્તાનને મોદી આંખમાં કણાની માફક ખુંચે છે. આ ચૂંટણી હિન્દુસ્તાન અને પાકિસ્તાન વચ્ચેની છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગરીબો માટે ડીબીટી – ડાયરેક્ટ બેંક ટ્રાન્સફર લાવીને ગરીબોને સીધો લાભ પહોંચાડ્યો છે. જ્યારે કોંગ્રેસ માટે ડીબીટી એટલે ડાયરેક્ટ બીચોલીયા ટ્રાન્સફર એવો થતો હતો. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બધી યોજનાઓ ગરીબો માટે બનાવી છે, કોઇ ઉદ્યોગપતિ માટે નથી બનાવી, આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત ૫૦ કરોડ લોકોને પાંચ લાખ તબીબી સહાય આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યુ છે.જેનો લાભ અત્યાર સુધી ૨૫ લાખ લોકો લઇ ચૂક્યા છે.

કેન્દ્રમાં જ્યારે કોંગ્રેસની સરકાર હતી ત્યારે, નર્મદા ડેમમાં અડચણો ઉભી કરીને ડેમના દરવાજા માટેની મંજુરી ૭ - ૭ વર્ષો સુધી આપી ન હતી પરંતુ જેવા શ્રી નરેન્દ્રભાઇ કેન્દ્રમાં વડાપ્રધાન બન્યા બાદ માત્ર ૧૭ જ દિવસમાં દરવાજાને મંજુરી આપી પાટણ અને બનાસકાંઠામાં નર્મદાનું પાણી પહોંચાડી આ ધરાને તૃપ્ત કરી હતી. ગુજરાતીઓ માટે ગર્વની વાત તો એ છે કે, શ્રી નરેન્દ્રભાઇ ગુજરાતના સપૂત છે, ગુજરાતીઓ સાથે શ્રી નરેન્દ્રભાઇનો સીધો સંબંધ છે, આથી ગુજરાત માટે તો પાંચેય આંગળીઓ ઘીમાં છે. દેશહિતને ધ્યાનમાં રાખી કોઇપણ દેશ ભારત સામે આંખ ઉંચી કરીને ન જુએ તેવું દેશને નેતૃત્વ આપણે આપવાનું છે.

ચૈત્રી નવરાત્રીમાં મા દૂર્ગા જેવી શક્તિશાળી, મા લક્ષ્મી જેવી સમૃધ્ધિવાન અને મા અન્નપુર્ણા જેવી ધનધાન્યથી ભરપૂર ભારતમાતાને બનાવવી છે. જે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી જ બનાવી શકશે. ''ના મુમકીન ને મુમકીન'' શ્રી નરેન્દ્રભાઇ જ કરી શકે તેમ છે. તે માટે આપણે સૌએ પાટણના ઉમેદવાર શ્રી ભરતભાઇ ડાભીને જંગી બહુમતીથી જીતાડી શ્રી નરેન્દ્રભાઇ મોદીના હાથ વધુને વધુ મજબૂત કરવાના છે. કમળ અને નરેન્દ્રભાઇ મોદી જ આપણું ભવિષ્ય છે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૩ તા. ૦૭.૦૪.૨૦૧૯

-----------

**ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગર લોકસભા ઉમેદવાર શ્રી અમિતભાઈ શાહે ગઈકાલે ૩૦ કિલોમીટરના ભવ્ય રોડ-શો દ્વારા લોકસંપર્કની ધમાકેદાર શરૂઆત કર્યા બાદ ભાજપા મધ્યસ્થ કાર્યાલય પર કાર્યકરો અને સમર્થકો સાથે ગોષ્ઠી કરી.**

-----------

**આવતીકાલે ભાજપા મહિલા મોરચા દ્વારા ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં ડોર-ટુ-ડોર લોકસંપર્ક અભિયાનની શરૂઆત કરવામાં આવશે**

-----------

ગાંધીનગર લોકસભા મિડીયા વિભાગની એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ગાંધીનગર લોકસભાના લોકલાડીલા ઉમેદવાર શ્રી અમિતભાઈ શાહે ગઈકાલે ૩૦ કિલોમીટરના ઝંઝાવાતી ભવ્ય રોડ-શો દ્વારા લોકસંપર્કની ધમાકેદાર શરૂઆત કરી હતી.

આદર્શ આચાર સંહિતાની મર્યાદાને અનુસરતા શ્રી અમિતભાઈ શાહે સમયસર રોડ-શોનું સમાપન કર્યુ હતું. ત્યારબાદ અથાગ પરિશ્રમ કરવા ટેવાયેલા શ્રી અમિતભાઈ શાહે લોકસભા વિસ્તારના એસ.જી.હાઈવે પર આવેલા ભાજપા મધ્યસ્થ કાર્યાલય ખાતે પાયાના કાર્યકરો અને સમર્થકો સાથે ગોષ્ઠી કરી હતી અને તેઓને અભિનંદન આપી પ્રોત્સાહિત કર્યા હતા.

વધુમાં જણાવવાનું કે, આવતીકાલ તારીખ ૮ એપ્રિલથી ભાજપા મહિલા મોરચા દ્વારા ડોર-ટુ-ડોર પત્રિકા વિતરણ કરી પ્રસાર-પ્રચાર કરી લોકસંપર્ક અભિયાનની શરૂઆત કરવામાં આવશે અને ઘરે-ઘરે જઈ ભાજપાને મત આપી કેન્દ્રમાં ફરી એકવાર એન.ડી.એ અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને ભારતની સત્તાનું સુકાન સોંપવા મતદારોને અનુરોધ કરશે.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૪ તા. ૦૭.૦૪.૨૦૧૯

**આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતેથી "ફીર એક બાર મોદી સરકાર" બનાવવાના સંકલ્પ સાથે ભાજપાના પ્રચાર-પ્રસાર અર્થે ડીજીટલ એલ.ઇ.ડી રથોનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું.**

-----------

**ગુજરાતના દરેક લોકસભા ક્ષેત્રોમાં ઓછામાં ઓછા બે રથો એમ કુલ બાવન રથો ભ્રમણ કરશે અને "કમળનું બટન દબાવો, ફરી એકવાર મોદી સરકાર બનાવો"ના સંદેશ સાથે ગુજરાતની સાડા ૬ કરોડ જનતા વચ્ચે પહોંચશે - શ્રી ભરત પંડ્યા**

-----------

**૫૨ જેટલી જાદુગરોની ટીમ ગુજરાતના તમામ ૨૬ લોકસભા ક્ષેત્રના ગ્રામ્ય વિસ્તારમાં જઇ જાદુના માધ્યમથી કેન્દ્ર સરકારની પ્રજાલક્ષી માહિતી જનજન સુધી પહોંચાડશે - શ્રી ભરત પંડ્યા**

-----------

આજરોજ ભાજપા પ્રદેશ પ્રવક્તાશ્રી ભરત પંડ્યાએ ભાજપા પ્રદેશ કાર્યાલય **"શ્રી કમલમ્"** ખાતેથી "ફીર એક બાર મોદી સરકાર" બનાવવાના સંકલ્પ સાથે ભાજપાના પ્રચાર-પ્રસાર અર્થે ડીજીટલ એલ.ઇ.ડી રથોના પ્રસ્થાન કરાવી ઇલેક્ટ્રોનિક મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યુ હતુ કે, ગુજરાત અને દેશભરમાં ચૂંટણીનો માહોલ બનતો જાય છે. ભાજપાનું કાર્યકર્તારૂપી સૈન્યબળ કામે લાગી ગયું છે. લોકસભાસઃ વિજયસંકલ્પ સંમેલનો ઉમળકાસભર વાતાવરણમાં યોજાઇ ગયા છે અને લોકસભા ચૂંટણી મધ્યસ્થ કાર્યાલયના તમામ લોકસભા બેઠકો પર ઉદ્‌ઘાટન પૂર્ણ થઇ ચૂકેલ છે. ગઇકાલે અમદાવાદ ખાતે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહનો ઉત્સાહજનક વાતાવરણમાં લોકસંપર્ક રાઉન્ડ યોજાયો જેમાં જનતાનો બહોળો પ્રતિસાદ મળ્યો હતો. રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ અને લોકસભા ચૂંટણી પ્રભારી શ્રી ઓમજી માથુર, મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, પ્રદેશ પ્રમુખશ્રી જીતુભાઇ વાઘાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ થતા કેન્દ્રીય મંત્રીશ્રીઓ શ્રી પરશોત્તમભાઇ રૂપાલા અને મનસુખભાઇ માંડવીયાનો રાજ્યમાં સતત પ્રવાસ ચાલુ છે.

શ્રી પંડ્યાએ જણાવ્યુ હતુ કે, અગાઉ પ્રદેશ ભાજપા દ્વારા "મૈં ભી ચૌકીદાર" થીમ સાથે લોકશૈલીમાં પ્રચાર-પ્રસાર, ભાજપાના વરિષ્ઠ નેતા શ્રી સુરેન્દ્રકાકાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરવામાં આવેલ ૫૧ થી વધુ વસ્તુ ધરાવતી પ્રસાર સાહિત્ય કીટનું ગુજરાતભરના ૫૦,૧૨૮ બૂથમાં વિતરણ, ૧૩ ડાન્સીંગ મ્યુઝીકલ થીમ દ્વારા કેન્દ્રની યોજનાઓથી જનતાને અવગત કરાવવી, જેવા પોઝીટીવ કેમ્પેઇનથી ભાજપા જનતાની વચ્ચે જઇ રહી છે.

આજરોજ પ્રસ્થાન કરાવવામાં આવેલા એલ.ઇ.ડી.રથો વિશે માહિતી આપતા શ્રી પંડ્યાએ જણાવ્યુ હતુ કે, સમગ્ર દેશમાં ૫૫૦ થી વધુ એલ.ઇ.ડી. રથો પરીભ્રમણ કરશે. ગુજરાતના દરેક લોકસભા ક્ષેત્રોમાં ઓછામાં ઓછા બે રથો એમ કુલ બાવન (૫૨) રથો ભ્રમણ કરશે અને "કમળનું બટન દબાવો, ફરી એકવાર મોદી સરકાર બનાવો"ના સંદેશ સાથે ગુજરાતની સાડા ૬ કરોડ જનતા વચ્ચે પહોંચશે. આ રથમાં ત્રણ પ્રકાર વીડિયો દર્શાવાશે. પ્રથમ વીડિયો ૧૭ મીનીટનો છે, જેમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની ભાજપા સરકારની ઉપલબ્ધીઓ દર્શાવવામાં આવશે, બીજા વીડિયો "મૈં ભી ચૌકીદાર" થીમનો છે, જે સાત મીનીટ ચાલશે, ત્રીજો વીડિયો ૩ મીનીટનો છે જે "મોદી હૈ તો મુમકીન હૈ" થીમ આધારિત છે. આ રથ ગુજરાતભરમાં ચલાવવા પાછળનો મુખ્ય હેતુ છે કે, જનજન સુધી સરકારની ઉપલબ્ધીઓની ચર્ચા થાય, વધુમાં વધુ મતદાન થાય, કોંગ્રેસની નિષ્ફળતાઓ અને મોદી સરકારની સફળતાઓને જનતા સરખાવી શકે તેમજ જનભાગીદારીથી દેશે સંપૂર્ણ બહુમતવાળી મજબૂત સરકાર બનાવી ૨૦૧૯ની ચૂંટણીમાં ૨૦૧૪ની ચૂંટણીનું પુનરાવર્તન કરે.

આ ઉપરાંત ભાજપાના પ્રચાર-પ્રસાર માટે જાદુગરોની ટીમ ચૂંટણી પ્રચારમાં ઉતરશે, આ પરંપરાગત પ્રચાર માધ્યમથી જાદુગરો હળવી શૈલીમાં કેન્દ્ર સરકારની પ્રજાલક્ષી યોજનાઓની માહિતી જનતાને મનોરંજન સાથે આપશે. એક લોકસભા બેઠકદીઠ જાદુગરોની બે ટીમ પ્રચાર-પ્રસારના કાર્યો કરશે.

આ પ્રસંગે પ્રદેશ અગ્રણશ્રી મહેશભાઇ કસવાલા તથા અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**(પ્રશાંત વાળા)**
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ